| | |
|---|---|
| કેસ રજુ તારીખ | ૦૫/૧૦/૨૦૨૦ |
| કેસ રજી તારીખ | ૦૫/૧૦/૨૦૨૦ |
| કેસ ફેંસલ તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| સમયગાળોઃ- વર્ષ ૦૫ માસ ૦૬ દિવસ ૨૫ | |

**ભચાઉના મહે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજની અદાલતમાં,**
**મું.ભચાઉ-કચ્છ.**

**રેગ્યુલર દિવાની દાવા નં.૪૪/૨૦૨૦**
**આંકઃ-૪૧/એ**

**વાદીઃ-** પશ્ચીમ ગુજરાત વિજ કંપની લી. તે
ઇન્ડીયન કંપનીઝ એકટ,૧૯૫૬ તળે નોંધાયેલ કંપની
કોર્પોરેટ ઓફીસ સરનામું-નાના મવા મેઇન રોડ,
લક્ષ્મીનગર, રાજકોટ-૩૬૦૦૦૪, તે તેના
નાયબ ઇજનેરશ્રી,
ભચાઉ પેટા વિભાગ,તા.ભચાઉ-કચ્છ.

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઃ- અમરશી મેરુ હરીજન(શામળીયા)**
પુખ્તવયના,
તે ભાણીબેન મેરુ હરીજનના વારસદાર છે.
રહે.નવાગામ,તા.ભચાઉ-કચ્છ.

---

વાદી તરફે વિ.વકીલ શ્રી ડી.બી.જોગી
પ્રતિવાદી તરફે વિ.વકીલ શ્રી એન.એમ.મિયોત્રા

---

**-:: જજમેન્ટ ::-**

**બાબતઃ-** લેણી રકમ વસુલ મેળવવા અંગે

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક છે અને તેઓને તેમની માંગણી મુજબ વીજજોડાણ નં.૩૮૫૦૧/૦૧૦૦૯/૦ વાળુ વિદ્યુતજોડાણ આપવામા આવેલું. તેઓ વાદી તરફથી જે તે સમયે તેઓના ગ્રાહકોને વિદ્યુત વપરાશના બીલો વખતોવખત આપવામા આવતા હતા. તે રીતે

પ્રતિવાદીને પણ તેના વિદ્યુત વપરાશના બીલો વખતોવખત આપવામા આવેલા છે જે બીલોની રકમ જે તે બે માસના સમયગાળા બાદના તરતના માસમાં ભરવાપાત્ર થતી હોય છે અને તે રીતે રકમ ભરપાઈ કરવા પ્રતિવાદી કાયદેસરના જવાબદાર છે.

(૨) તેઓ વાદી કંપની તરફથી પ્રતિવાદીને તેના ઉપરોકત વિદ્યુત જોડાણ અંગે વખતોવખત આપવામા આવેલા વિદ્યુત વપરાશના બીલો અંગે પ્રતિવાદી એ નિયમીત રકમ ભરપાઈ કરેલ નથી જેથી આ પ્રતિવાદીના વિદ્યુત જોડાણ અંગેથી તેમના તે જોડાણ સંબંધેના હિસાબોનું સ્ટેટમેન્ટ રજુ કરવામા આવેલ છે. આમ પ્રતિવાદી ઉપર સ્ટેટમેન્ટ મુજબ એરીયર્સ રૂા.૪૯૧૫૯.૪૧ પૈસા તથા ડી.પી.સી.ની રકમ રૂા.૧૪૯૨૪.૧૫ પૈસા એમ કુલ રકમ રૂા.૬૪,૦૮૩.૫૬/–પૈસા વાદીની લેણી રકમ બાકી રહે છે.

આમ ઉપરોકત મુજબ પ્રતિવાદી પર કુલે રૂા.૬૪,૦૮૩.૫૬/–પૈસા બાકી લેણા રહે છે. આ અંગે તૈયાર કરવામા આવેલ એરીયર્સ તથા ડી.પી.સી.સ્ટેટમેન્ટ આ સાથે રજુ કરવામા આવે છે. આ કામે તેઓ વાદી કંપનીના અધિકારીશ્રીઓ કે.ડી.કોચરા અને એમ.કે.નાકરાણી ધ્વારા પ્રતિવાદીના વીજજોડાણ સ્થળ તા.૮/૩/૨૦૧૮ ના રોજ ચેકીંગ હાથ ધરવામા આવેલ તે સમયે પ્રતિવાદીઓ બિનઅધિકૃત વિજ વપરાશ કરતા હોવાનું જણાઈ આવેલ અને તેઓ વાદી કંપનીના અધિકારીઓ ધ્વારા વીજચેકીંગ કરેલ અને પ્રતિવાદી સર્વીસ લાઈનમાં સાંધો કરીને મીટર બાયપાસ કરી વીજચોરી કરતા હોવાનું જણાઈ આવેલ જેથી અધિકારીઓએ વીજચેકીંગ કરી તે અંગે સ્થળનું ખાતાકીય રોજકામ,ચેકીંગશીટ તેમજ વીજજોડાણ તપાસનો અહેવાલ તૈયાર કરેલ અને વીજચેકીંગ સમયે સ્થળ પર હાજર રહેલ વ્યકિત ગોવિંદભાઈ હંસરાજે ચેકીંગ અહેવાલ પર હાજર અધિકારીએ સહી કરવાનું કહેતા સહી કરવાની ના પાડેલ છે જે તમામની નકલ આધારલીસ્ટથી રજુ રાખેલ છે અને આ અંગે રકમ ભરપાઈ કરવા અંગે પ્રતિવાદીને વીજચોરી બાબતની રકમ રૂા. ૪૯,૧૪૫.૦૨ પૈસા + કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ રૂા.૫૦૦૦/–ચુકવી આપવા નોટીસ પાઠવવામા આવેલ આમ છતાં પ્રતિવાદીએ લેણી રકમ ચુકવેલ નથી. ઉપરોકત

રકમ ભરપાઈ કરવા વાદીના ઓફીસર્સ તરફથી પ્રતિવાદીને અનેકવાર જણાવવા છતાં બીલની રકમ ભરપાઈ કરવામા નહી આવતા જરૂરી કાર્યવાહીના અંતે પ્રતિવાદીનું સદર જોડાણ તા.૪/૬/૨૦૧૮ ના રોજ કાયમી ધોરણે કાપી નાખવામા આવેલ છે. ત્યારબાદ પણ પ્રતિવાદી તરફથી લેણી રકમ ભરપાઈ કરવામા નહી આવતા વાદીના વકીલશ્રી મારફતે પ્રતિવાદીને તા.૨૩/૧૦/૧૯ ના રોજ રજી.પોસ્ટ ધ્વારા નોટીસ આપવામા આવેલ. આ નોટીસની સ્થળપ્રત રજુ કરવામા આવેલ છે.

વાદીએ હાલનો આ દાવો લાવવાનું કારણ પ્રતિવાદી તરફથી ઉપરોકત સ્ટેટમેન્ટમાં જણાવ્યા મુજબની લેણી રકમ ભરપાઈ કરવામા નહી આવતા તેમને નોટીસ આપી ડીમાન્ડ કરવામા આવેલ હોવા છતાં પણ આજદિન સુધી પ્રતિવાદીએ લેણી રકમ ભરપાઈ ન કરતા નોટીસ તારીખથી હાલ સુધીમા નામ.કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

આ વાદી કંપની આ પ્રતિવાદી પાસેથી રોકાતી રકમ પર દાવા સુધીનું, દાવા દરમ્યાનનું તથા ત્યારબાદનું વ્યાજ/ડીલે પેમેન્ટ ચાર્જીસ લેવા હકકદાર હોઈ તે નજરે આ વાદી કંપની હાલે પ્રવર્તમાન દર ૧૮ % લેખે રોકાતી રકમ પર ડીલેપેમેન્ટ ચાર્જની રકમ લેવા હકકદાર હોઈ તે સહિતની રકમ મળવા હાલનો આ દાવો કરેલ છે.

પ્રતિવાદીએ ઉપર જણાવેલ રકમ નહી ચુકવી વાદીને આર્થિક નુકશાન પહોંચાડેલ છે અને વાદી તેની ઉપર જણાવેલ રકમ તથા રૂા.૬૪,૦૮૩.૫૬/ –પૈસા લેણી રકમ પર વાર્ષિક ૧૮% લેખે પ્રતિવાદી રકમ ચુકવે ત્યાં સુધી ડીલે પેમેન્ટ ચાર્જીસ વસુલ કરવા કાયદેસર હકકદાર છે તેથી વાદી ઉપર જણાવ્યા મુજબ લેણી રકમ ઉપરાંત રકમ વસુલ થતા સુધી ડીલે પેમેન્ટ ચાર્જીસની રકમ મળવા હાલનો આ દાવો કરેલ છે. પ્રતિવાદી આ વિદ્યુત જોડાણ ગામ ભચાઉ તાલુકા મધ્યે આવેલ હોઈ તે વિસ્તાર નામ.કોર્ટની હકુમત તળે આવેલ હોઈ આ દાવો સાંભળવા તથા તેનો નિર્ણય કરવા નામ.કોર્ટને ક્ષેત્રીય હકુમત છે તથા આ દાવો મુદૃતની અંદર છે.હાલનો દાવો લેણી રકમ રૂા.૬૪,૦૮૩.૫૬/ –પૈસા મેળવવાનો હાલનો દાવાનો આંક તેટલાનો બાંધવામા આવે છે અને તે માટે નિયત કોર્ટ ફી સ્ટેમ્પ રૂા.૪૬૦૦/–નો આ સાથે રજુ રાખવામા

આવેલ છે તેમ જણાવી દાદ માંગેલ છે કે,

આ કામના પ્રતિવાદીને નામદાર કોર્ટ સમક્ષ હાજર થવાનું ફરમાવી અને પ્રતિવાદીના આ દાવાવાળા વિદ્યુત જોડાણ અંગે ઉપર જણાવ્યા મુજબ ચડત રકમ રૂા.૬૪,૦૮૩.૫૬/ –પૈસા (અંકે રૂપીયા ચૌસઠ હજાર ત્યાસી અને છપ્પન પૈસા) દાવાતારીખથી ૧૮% વ્યાજ ડીલે પેમેન્ટ ચાર્જીસ સાથે વાદીને વસુલ આપવાનો હુકમ ફરમાવવા તથા આ દાવાનું ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા તથા યોગ્ય લાગતો અન્ય કોઈપણ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે.

(૨) દાવો દાખલ થતા પ્રતિવાદીને સમન્સ કાઢવામાં આવેલ. જે સમન્સ બજીને પરત આવેલ અને પ્રતિવાદી તરફે આંક–૧૭ થી દાવાજવાબ રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, દાવાઅરજીના પેરા–૧ તથા ૨ની વિગત સ્વિકારવામા આવતી નથી.દાવાઅરજીના પેરા–૩ ની વિગતે કે તેમાં જણાવેલ બીલની રકમ રૂા. ૪૯૧૫૯.૪૧ પૈસા તથા ડી.પી.સી.ની રકમ રૂા.૧૪૯૨૪/–કુલ રૂા.રૂા.૬૪,૦૮૩.૫૬/ –પૈસા પ્રતિવાદી પર બાકી હોવાનું સ્વિકારવામા આવતુ નથી. વાદી કંપનીના એકાઉન્ટ બુક, લેજરબુક તથા પ્રતિવાદીના ખાતાના સ્ટેટમેન્ટ ખરા હોવાનું સ્વિકારવામા આવતુ નથી તેમજ વીજચોરીના જે કાગળો રજુ કરવામા આવેલ છે તે ખરા હોવાનું સ્વિકારવામા આવતુ નથી તે બનાવટી તથા ઉપજાવી કાઢેલ છે.આ પેરાની બાકીની હકીકતો ખરી ન હોઈ તેનો ઈન્કાર કરવામા આવે છે. દાવાઅરજીના પેરા–૪ ના જવાબમાં જણાવવાનું કે, પ્રતિવાદીએ વાદી પાસેથી કોઈપણ પ્રકારનું વીજ કનેકશન મેળવેલ નથી.આ પેરામાં ખોટી હકીકત જણાવેલ હોઈ તે સાબીત કરવા નોટીસ બાય પ્લીડીંગ આપવામા આવે છે. તેઓ પ્રતિવાદી વાદી કંપનીનું કોઈપણ પ્રકારનું વીજ કનેકશન મેળવેલ ન હોઈ આ પેરાની બાકીની તમામ હકીકતોનો ઈન્કાર કરવામા આવે છે. વાદીની દાવાઅરજીના પેરા–૫ માં જણાવવાનું કે, વાદીએ રજુ કરેલ સ્ટેટમેન્ટ બનાવટી અને ઉપજાવી કાઢેલ છે તે ખરા હોવાનું સ્વીકારવામા આવતુ નથી તેમજ વાદીએ ખોટી રીતે નોટીસ

મોકલાવેલ હોઈ તેનો કોઈ જવાબ આપવામા આવેલ નથી તેમજ આવી ગેરકાયદેસરની નોટીસનો જવાબ આપવા માટે પ્રતિવાદી બંધાયેલ નથી. દાવાઅરજીના પારા–૬ અને ૭ ના જવાબમાં જણાવવાનું કે, તેઓ પ્રતિવાદી વાદી કંપનીના કનેકટેડ ગ્રાહક ન હોઈ તેમજ તેઓએ આવી કોઈ વીજચોરી કરેલ ન હોઈ વાદી દાવાઅરજીમાં જણાવ્યા મુજબની રકમ કે તેના પર વ્યાજ મેળવવા હકકદાર નથી. દાવાઅરજીના પેરા–૮ અને ૯ ના જવાબમાં જણાવવાનું કે, આ પેરામાં જણાવેલ હકીકતો કાયદાને લગતી હોઈ વાદી સાબીત કરે તેવી ચેલેન્જ આપવામા આવે છે. વાદી કંપનીએ અધિકૃત વ્યકિત ધ્વારા દાવો રજુ કરેલ ન હોઈ રદ્દ થવાને પાત્ર છે. ભચાઉ પેટા વિભાગના નાયબ ઈજનેરશ્રીને કંપની એકટ મુજબ હાલનો દાવો દાખલ કરવાને કોઈ હકક કે અધિકાર નીથ. વાદીનો દાવો સમયમર્યાદામાં લાવેલ ન હોઈ રદ્દ થવાને પાત્ર છે. દાવાઅરજીના પારા–૧૦ માં વાદીની દાદ/અરજ છે જે મેળવવા વાદી હકકદાર નથી. આમ ઉપરોકત તમામ હકીકતોએ વાદીનો દાવો ખર્ચ સહિત નામંજુર કરવા તેમજ વાદી પાસેથી પ્રતિવાદીને ખર્ચ તેમજ ધાક બેસે તેવું વળતર અપાવવા નમ્ર અરજ છે.

(૩) ત્યારબાદ મારા પુરોગામી જજશ્રીએ આંક–૧૮ થી મુદ્દા ઘડેલ છે જે નીચે મુજબ છે.

**મુદા**

| | |
|---|---|
| **૧** | શું વાદી પુરવાર કરે છે કે, વાદીએ પ્રતિવાદીને વીજકનેકશન પુરુ પાડેલુ જેનો વિજવપરાશ થયેલ ? |
| **૨** | શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસેથી વીજ કનેકશન પેટે રૂા.૬૪,૦૮૩.૫૬/– ડી.પી.સી. સહીત લેણા બાકી રહે છે ? |
| **૩** | શું વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે ? |
| **૪** | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| **૫** | શું હુકમ અને હુકમનામું ? |

(૪) કોર્ટ ધ્વારા ઉપરોકત મુદાઓ ઘડવામા આવતા વાદી તરફથી નીચે મુજબના લેખીત તેમજ મૌખિક પુરાવાઓ રજુ રાખવામા આવેલ છે.

**<u>વાદીનો મૌખિક પુરાવો</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૨૨ | વાદી તરફે જીગરકુમાર વિનુભાઇ પટેલનુ પુરાવાનું સોગંદનામું |
| ૨. | ૨૯ | વાદી તરફે જેકીનપુરી ત્રંબકપુરી  ગોસ્વામીનું પુરાવાનું સોગંદનામું |

## વાદીનો દસ્તાવેજી પુરાવો

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૩૦ | પ્રતિવાદીના સ્ટેટમેન્ટ કોપી(ઓનલાઇન) |
| ૨ | ૩૧ | એનેક્ષર–૧૧ પેઇજ–૨ ની નકલ |
| ૩ | ૩૨ | વીજજોડાણ તપાસણી અહેવાલ |
| ૪ | ૩૩ | એનેક્ષર–૪ ની નકલ |
| ૫ | ૩૪ | સ્થળ પરના રોજકામની નકલ (મેન્યુઅલ) |
| ૬ | ૩૫ | નોટીસ કોપી |
| ૭ | ૩૬ | પરત આવેલ કવર |
| ૮ | ૩૭ | કબજા ફોર્મ |
| ૯ | ૩૮ | દાવા દાખલ અંગેની પરમીશન પત્ર ઓરીજનલ |

વાદી તરફે આંક–૪૦થી પુરાવા બંધની પુરશીશ રજુ રાખેલ છે.

આ કામે વાદી તરફે આંક–૩૯ થી પ્રતિવાદીની  ઉલટતપાસ બંધ કરવાની અરજી રજુ થતા રેકર્ડ પરની હકીકતોએ પ્રતિવાદીનો વાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામા આવેલ છે.

(૫)　આ કામે પ્રતિવાદી તરફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૬)　આમ, આ રીતે વાદીએ ઉપરોકત મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજો પુરાવો રજુ રાખેલ છે.  આ કામે વાદી તરફે વિ.વકીલ શ્રીની રેકર્ડ મુજબની મૌખિક દલીલો ધ્યાને લીધી.

(૭)　વાદીએ રજુ રાખેલ તેમના પક્ષ નિવેદન,પુરાવાઓ તથા દલીલ કરતા રેકર્ડને

ધ્યાને લઇ તેમજ પ્રતિવાદીની દાવાજવાબની હકીકત ધ્યાને લઇ આંક–૧૮ થી જે મુદ્દાઓ ઘડવામા આવેલ છે તે અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. નકારમાં,

૪. અંશત:હકારમાં,

**૫.** આખરી હુકમ મુજબ

**<u>:: કારણો ::</u>**

**<u>મુદ્દા નં.૧ થી ૫ ની સંયુકત ચર્ચા:–</u>**

(૯) આ કામે નિર્માણ કરવામાં આવેલ મુદ્ધાઓ પૈકી મુદ્ધા નંબર–૧ થી ૫ એક સાથે સંકળાયેલા હોય જેથી તે મુદ્ધાઓની હકીકતોની ચર્ચાનું પુનરાવર્તન ટાળવા તે તમામ મુદ્ધાઓની ચર્ચા એક સાથે કરેલ છે.

(૧૦) વાદી કંપની દ્રારા હાલના દાવાના સમર્થનમાં પી.જી.વી.સી.એલ કંપનીના નાયબ ઈજનેરશ્રી જીગરકુમાર વિનુભાઇ પટેલનું પુરાવાનું સોગંદનામું આંકઢરર થી તથા નાયબ ઇજનેરશ્રી જેકીનપુરી ત્રંબકપુરી ગોસ્વામીનાઓએ પુરાવાનું સોગંદનામું આંક–૨૯ થી રજુ રાખેલ છે જેમાં તેઓએ દાવાઅરજીની હકીકતોને સંપુર્ણ સમર્થન આપેલ છે પરંતુ વાદી સાહેદોની ઉલટતપાસ માટે આ કામે પ્રતિવાદી હાજર રહેલ નથી. આ કામે વાદી તરફે આંક–૩૦ થી ૩૮ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે. આ કામે પ્રતિવાદી તરફે વાદી સાહેદોની ઉલટતપાસના સ્વરૂપમાં વાદીના દાવાની હકીકતોને પડકારવામા આવેલ નથી.

(૧૧) આ દાવાના કામે પ્રતિવાદી તરફથી આંક–૧૭ થી દાવાઅરજીનો જવાબ રજુ રાખવામા આવેલ છે જે વંચાણે લેતા તે જવાબ ઔપચારીક પ્રકારનો છે એટલે કે સદરહુ જવાબ પરથી પ્રતિવાદી આ દાવાના કામે કોઇ ટ્રાયેબલ ઇસ્યુ ઉભા

કરતા નથી. વધુમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રતિવાદીએ વાદીના સાહેદોની ઉલટતપાસ કરેલ નથી કે વાદીએ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાને સક્ષમ રીતે પડકારેલ નથી અને સદરહુ દસ્તાવેજમાં જણાવવામા આવેલ હકીકતથી વિરુધ્ધની કોઇ હકીકત પ્રતિવાદી રેકર્ડ ઉપર લાવેલ નથી. વાદી તરફથી આંક–૩૦ થી પ્રતિવાદીનું બીલ સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે જેમાં પ્રતિવાદી તરફથી સને ૨૦૧૮ માં છેલ્લા બીલની ભરપાઇ કરેલ છે ત્યારબાદ પ્રતિવાદીએ બીલની ભરપાઇ કરેલ હોય તેવો કોઇ પુરાવો પ્રતિવાદીએ રજુ રાખેલ નથી. આમ, સને ૨૦૧૮ થી સમયમર્યાદાની ગણતરી કરવામા આવે તો લેણી રકમના દાવા ૩ વર્ષની મુદતમાં દાખલ કરવાના થતા હોય વાદીનો દાવો સમયમર્યાદામાં હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. આમ, વાદીએ આંક–૩૦ થી જે સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે તે મુજબની રકમ વસુલ લેવા વાદી હકકદાર હોવાનું જણાઇ આવે છે તે જ રીતે આંક–૩૧ થી આંક–૩૮ સુધીના જે દસ્તાવેજો રજુ રાખેલ છે તેનો અભ્યાસ કરતા પણ વાદી ડી.પી.સી.ચાર્ઝ લેવા પણ હકકદાર હોવાનું જણાઇ આવે છે. વધુમાં આ તમામ ચાર્જીસ વાદીએ પ્રતિવાદીના ખાતામાં ખોટી રીતે ઉતારેલ છે તે દર્શાવતો કોઇ પુરાવો પ્રતિવાદીએ રજુ રાખેલ ન હોય, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ મુદ્દા નં.૧,૨ નો જવાબ આથી હકારમાં ઠરાવવામા આવે છે અને વાદીનો દાવો સમયમર્યાદમાં દાખલ થયેલ હોય તે રીતે મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં ઠરાવવામા આવે છે.

(૧૨) આ કામે વાદીના વિ.વકીલશ્રીની રજુઆત છે કે, વાદી એ જાહેર હીતમાં કાર્ય કરતી કંપની છે. પ્રતિવાદી એ જે વિદ્યુત જોડાણ લીધેલ તેના નાણા ચડત વ્યાજ સહિત પ્રતિવાદી ચુકવવા બંધાયેલ છે જેથી પ્રતિવાદીએ નાણા ચુકવવામા ગંભીર બેદરકારી અને ચુક રાખેલી હોય, વ્યાજ સહિત ચડત નાણા ચુકવી આપવા માટે નામ.કોર્ટે આદેશ કરવો જોઇએ . વ્યાજ અંગે સી.પી.સી. ની કલમ–૩૪ ની જોગવાઇ ધ્યાને લેવી જરુરી જણાઇ આવે છે. સદરહુ જોગવાઇ મુજબ જયારે હુકમનામુ લેણી રકમ અંગેનુ હોય ત્યારે કોર્ટ ને યોગ્ય લાગે તેટલા દરનુ વ્યાજ મુળ રકમ પર આપવાનો હુકમ કોર્ટ કરી શકશે. પરંતુ તે ૬ ટકા ના વધુના દરનુ રહશે નહી. વધુમા સદરહુ કલમમા એ મુજબની જોગવાઇ કરવામા આવેલ છે કે જો પક્ષકારો વચ્ચેનો વ્યવહાર કર્મશીયલ હશે તો કોર્ટ ૬ ટકાના દર થી વધુ તથા બંને પક્ષકારો વચ્ચે નકકી થયેલ વ્યાજના

દરનો હુકમ કરી શકશે. તેમજ જો કોઇ દર નકકી થયેલ ના હોય તો નેશનલાઇજડ બેકના દર ના વ્યાજ નો હુકમ કરી શકશે. વધુમા નામ. ગુજ.હાઇકોર્ટએ Central bank v/s P.R.Germents" reported in AIR 1986 Gujarat 113 તેમજ નામ.કર્ણાટકા હાઇકોર્ટ એ "Vijaya bank v/s S. Bhathija" reported in AIR 1994 Kant 123 ના ચુકાદામા નીચે મુજબનો સીધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે.

" in commercial transaction by public financial institution the contractual rate of interest should be rule and departure rare exception and in such case granting of lesser rate of interest is ordinarily ruled out. If the rate of future interest is granted at lesser rate than that of contractual rate that will amount to giving premium to those who trade upon the money of others. To reduce or deny interest would amount to penalising the creditor for approaching the court and encouraging the debtor to deliberately and unjustly prolong the litigation" .

(૧૩) આમ વ્યાજ અંગે ઉપરોકત કાયદાની પરીસ્થીતીને ધ્યાનમા રાખી વાદીનો કેસ વંચાણે લેવામા આવે તો વાદી ધ્વારા રેકર્ડ ઉપર એવો કોઈ પુરાવો રજુ થયેલ નથી કે જેના આધારે એવું સુનિશ્ચિત થઈ શકે કે વાદી અને પ્રતિવાદી વચ્ચે જે વીજ વપરાશનો ટ્રાન્જેકશન થાય તે વીજ વપરાશની રકમ પ્રતિવાદી ધ્વારા ભરવામાં ન આવે તો પ્રતિવાદીએ તેની ઉપર વ્યાજ ભરવુ પડે. આ સંજોગોમાં વાદી અને પ્રતિવાદી વચ્ચે કોઈ વ્યાજ ચુકવવા અંગેનો કોઈ કરાર રેકર્ડ ઉપર ન હોઈ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી,પરંતુ જયારે વાદી અને પ્રતિવાદી વચ્ચે જે વહેવાર થયેલ છે અને તેઓના ટ્રાન્જેકશનના આધારે લેણી રકમ થયેલ છે તે સંજોગોમાં સીવીલ પ્રોસીજર કોડની કલમ-૩૪ અને ઈન્ટરેસ્ટ એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં વાદીને લેણી રકમ પર યોગ્ય ટકાના દરે વ્યાજ અપાવવો તે જરુરી છે.વિશેષમાં

એ હકીકત પણ ધ્યાને લેવાની છે કે વાદી એ જાહેર હીતમાં કાર્ય કરતી કંપની છે અને તેની રકમ જો આ રીતે વણ ચુકવાયેલ રકમની રીતે પડી રહે તો વાદી ઉપર ઘણો મોટો બોજો પડે તેમ છે. આ પ્રકારે વાદીને વ્યાજ મળી રહે તે પ્રજાકીય કામમાં અને પ્રજાને વધુ સારી સુવિધા પુરી પાડવા માટે થઈ શકે તેમજ આ પ્રકારે પ્રતિવાદી ધ્વારા સમયસર ચુકવણી ન કરવાને કારણે વાદીને વ્યાજનું પણ નુકસાન થયેલ છે કે જે અન્ય જગ્યાએ આ રકમને ઈન્વેસ્ટ કરી તેના ઉપર આવક મેળવી શકેલ હોત. તે હકીકતને ધ્યાને રાખી રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા ધ્વારા વખતોવખત જાહેર થતા વ્યાજદર તેમજ ઉપરોકત ગુજ.હાઈકોર્ટ તેમજ નામ.કર્ણાટકા હાઈકોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ જો વાદી કંપનીને હાલ ચાલતા વ્યાજદરે લેણી રકમ ઉપર ૭.૫ % ના વ્યાજનો દર આપવામાં આવે તો તે દરેક રીતે ન્યાયી ગણાશે. આથી વાદી કંપની સદરહુ મંજુર કરેલ રકમ ઉપર ૭.૫ % વ્યાજના દર મેળવવા હકકદાર બને છે તેમ આ અદાલત માને છે અને વાદીની લેણી રકમ રૂા.૬૪,૦૮૩.૫૬/-ને તેના પર ૭.૫ % ટકાના દર મુજબ આપવો જોઈએ તેમ આ અદાલત માને છે. આમ આ મુદાની હકીકતો વાદી અંશત: સાબીત કરી શકેલ હોય આ મુદ્દા નં.૪ નો જવાબ અંશત: હકારમાં આપી અને તે રીતે મુદ્દા નં.૫ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

## -:: // આખરી હુકમ // ::-

(૧) વાદીનો દાવો આથી **''અંશત: મંજુર ''**કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ, વાદી વીજ કંપનીને રકમ રૂા.૬૪,૦૮૩.૫૬/ -પૈસા (અંકે રૂપીયા ચૌસઠ હજાર ત્યાસી અને છપ્પન પૈસા) વસુલ આપવા અને દાવાતારીખથી તે રકમ વસુલ થતા સુધી મંજુર કરેલ લેણી રકમ રૂા.૬૪,૦૮૩.૫૬/ -પૈસા (અંકે રૂપીયા ચૌસઠ હજાર ત્યાસી અને છપ્પન પૈસા) પર વાર્ષીક ૭.૫(સાડા સાત) ટકાના દરે વ્યાજની રકમ સહિત ચુકવી આપવા તેવો આથી હુકમ કરવામા આવે

છે.

(૩) વાદીને દાવાનું ખર્ચ પ્રતિવાદીએ ચુકવવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:- ભચાઉ-કચ્છ.    સહી/-

તા.૩૦/૦૪/૨૦૨૬    (વિશાલ વાય.ત્રીવેદી)

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ

ભચાઉ-કચ્છ. કોડ નં.જી.જે.૦૧૨૮૭